## 1. આંકડાકીય માહિતી એટલે શું?

- પૃથ્વીની સપાટી ઉપર કુદરતી તથા માનવસર્જિત તત્ત્વો આવેલાં છે. માનવસર્જિત વિગતોમાં વસ્તીવિતરણ, તેની ગીચતા, ઔદ્યોગિક કે ખેતીસંબંધી ઉત્પાદનોના આંકડા વગેરેનો તથા કુદરતી તત્ત્વોમાં આબોહવા, ખનીજો, પ્રાણીઓ વગેરેનો સમાવેશ થાય છે. આ બધાં તત્ત્વો વિશે આંકડાકીય માહિતી મેળવી શકાય છે. આંકડાકીય માહિતી માત્રાત્મક (Quantitative) અથવા ગુણાત્મક (Qualitative) હોઈ શકે.
- આંકડાકીય માહિતીને વ્યવસ્થિત અને સુરુચિપૂર્ણ રીતે પ્રસ્તુત કરવામાં આવે એ નકશા વિજ્ઞાનનું અતિ મહત્ત્વનું પાસું છે. આંકડાકીય માહિતીને વ્યવસ્થિત સ્વરૂપે પ્રસ્તુત કરવામાં આવે ત્યારે આંકડાકીય માહિતીની કેટલીક ન દેખાતી લાક્ષણિકતાઓ પણ ઊપસી આવે છે. આંકડાકીય માહિતીનાં વિવિધ સ્વરૂપો હોય છે. તેથી તેમને પ્રસ્તુત કરવાની પદ્ધતિઓ પણ ઘણી છે.
- આબોહવાના આંકડા માટે રેખા આકૃતિ અને સ્તંભ આકૃતિ વધુ યોગ્ય છે. ઉત્પાદનોના આંકડા માટે સ્તંભ ઉપરાંત ટપકાં, ચિહ્નો, રંગ વગેરેનો ઉપયોગ વધુ સચોટ અસર ઊભી કરે છે. આંકડાકીય માહિતીને સારણીઓ અને જુદા જુદા પ્રકારના આલેખો દ્વારા રજૂ કરવાથી માહિતીની સમજ અંગેની અસરકારકતા સ્પષ્ટ બને છે.

## 2. રેખા અને સ્તંભઆલેખના લાભાલાભ જણાવો.

- રેખા આલેખ: રેખા આલેખના લાભાલાભ નીચે પ્રમાણે છે :
- લાભ : (1) રેખા આલેખમાં એક અથવા વધુ રેખાઓ દ્વારા કોઈ વિગતનું વિતરણ દર્શાવી શકાય છે.

  (2) તાપમાન, જન્મદર, મૃત્યુદરની વિગતો રેખા આલેખ દ્વારા સરળતાથી રજૂ કરી શકાય છે.

  (3) રેખા આલેખ દોરવો સરળ છે.

  (4) રેખા આલેખમાં રજૂ થયેલી વિગતોની સ્પષ્ટતા ઝડપથી થઈ શકે છે, અન્યને પણ સમજાવવામાં મુશ્કેલી પડતી નથી.

  (5) આલેખ દોરવાની આ મૂળભૂત પદ્ધતિ છે.
- ગેરલાભ : (1) અમુક ચોક્કસ વિગતો જ રેખા આલેખ દ્વારા રે રજૂ કરી શકાય છે.

  (2) એક જ વિગત દર્શાવી શકાય છે.
- સ્તંભઆલેખ : સ્તંભઆલેખના લાભાલાભ નીચે પ્રમાણે છે :
- લાભ : (1) આંકડાકીય માહિતી દર્શાવવા માટે સૌથી વધુ વપરાતી પદ્ધતિ છે.

  (2) તેમાં એકસાથે એક કરતાં વધુ વિગતો એકસાથે દર્શાવી શકાય છે.

  (3) આંકડાકીય માહિતીનું અર્થઘટન કરવા માટે આ પદ્ધતિ ઘણી ઉપયોગી છે.

  (4) એકથી વધુ વિગતો એકસાથે દર્શાવવાની હોય ત્યાં સંયુક્ત સ્તંભો વધુ સચોટ માહિતી આપી શકે છે.

  (5) માહિતીનો તુલનાત્મક અભ્યાસ થઈ શકે છે.

  (6) ત્વરિત માહિતી આ આલેખથી પ્રાપ્ત કરી શકાય છે.
- ગેરલાભ : સ્તંભઆલેખ દોરવા માટે જાણકારી તથા અભ્યાસ જરૂરી છે.